
णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स
आयओ गुरुबहुमाणो

# મહામાંગલિક–પરિચય

નૂતન વર્ષની મંગળ પ્રભાતે અહોભાવવૃદ્ધિદાયક
નવસ્મરણ-ગૌતમસ્વામી રાસની ભૂમિકાસ્વરૂપ
નાના નાના પ્રસ્તાવના પ્રવચનો

પ્રિયમ્

**अहो श्रुतम्**
**શા. બાબુલાલ સરેમલજી**
સિદ્ધાચલ બંગ્લોઝ, હીરા જૈન સોસાયટી,
સાબરમતી, અમદાવાદ–૩૮૦૦૦૫. મો. ૯૪૨૬૫૮૫૯૦૪
ahoshrut.bs@gmail.com
કારતક, વિ.૨૦૭૮
નવેમ્બર, ૨૦૨૧




બાળક ખુદ મા-ની ચોપડી હતું. જીવતી ચોપડી - હસ્તલિખિત ચોપડી - જેને મા-એ પોતાના લોહીની શાહીથી લખી, ઉજાગરા પણ કરીને લખી, માંદગીમાં ય લખી, નબળાઈમાં ય લખી, ને સો કામ મુકીને ય લખી. મા-ના શબ્દો, મા-ની શૈલી, મા-ની અક્ષરમરોડની કળા, મા-નું માધુર્ય, મા-ની પ્રસ્તુતિ -- બધું જ લા-જવાબ. છતાં કાગળ હલકો હતો એટલે જોઈએ એવો ઉઠાવ ન આવ્યો. પણ લોકોને કશી ખબર નથી એટલે તેઓ એમ કહે, કે આથી વધુ ઉઠાવ તો શું હોઈ શકે ? બાળકને તો ખબર છે, એટલે ૧૦૦% માને છે કે આપણો ઉઠાવ તો રદ્દીની સાથે કિલોબંધ વેંચાવા જેટલો છે. છતાં આપણે વેંચાવાની બદલે વંચાઈ રહ્યા છીએ એમાં કારણ ફક્ત એ મા-ની હસ્તકળા અને હૈયાકળા છે.

# ❀ હૃદયની લાગણી ❀

૧૪૪૪ ગ્રંથકર્તા પૂ.હરિભદ્રસૂરિ મહારાજા
શાસ્ત્રવાર્તાસમુચ્ચય ગ્રંથમાં કહે છે -

**अत एवागमज्ञस्य, या क्रिया सा क्रियोच्यते ।**
**आगमज्ञोऽपि यस्तस्यां, यथाशक्ति प्रवर्तते ॥**

***ક્રિયા એ સાચી, જે જ્ઞાનપૂર્વક કરાય છે.***
***જ્ઞાન એ સાચું, જેમાં યથાશક્તિ ક્રિયા હોય છે.***

જ્ઞાનશૂન્ય ક્રિયા અને ક્રિયાશૂન્ય જ્ઞાન
એ બંને સ્વયં સ્વ-નો ઉપહાસ બની રહે છે.

**એક લાગણી એવી થાય**
કે સકળ શ્રીસંઘ જીવંત જ્ઞાન-ક્રિયાસમન્વય બને.

**એક લાગણી એવી થાય**
કે પ્રભુના માર્ગની પ્રત્યેક ક્રિયા
સમજણપૂર્વક, અહોભાવપૂર્વક અને ઊંડાણપૂર્વક થાય.

**એક લાગણી એવી થાય**
કે જિનશાસનની ક્રિયાને આપણે એ સ્તરે સાકાર કરીએ
કે નિશ્ચય-એકાન્તવાદીઓ
એની સામે આંગળી ચીંધવાની સ્થિતિમાં જ ન રહે.
**બલ્કે એ ક્રિયા જોઈને**
**તેઓ સ્વયં આત્મમંથન કરીને**
**નિશ્ચય-વ્યવહાર સમન્વયસ્વરૂપ જિનમાર્ગે**
**પાછા વળી જાય.**
નૂતનવર્ષની મંગળ પ્રભાતે
નવસ્મરણ અને રાસ યથાશીઘ્ર સમાપ્ત થાય
ને પછી જ્ઞાન પીરસાય

એના કરતા નવસ્મરણાદિ સ્વયં પણ જ્ઞાનમય બને,
એ શ્રવણક્રિયા પણ જ્ઞાનમય બને
શ્રદ્ધા અને બહુમાનના ગુણાકારો સાથે શ્રવણ થાય,
ને મહામાંગલિક પછી પણ જ્ઞાન પીરસાય
તો કેટલું આનંદનીય બની રહે !
આ જ ભાવના સાથે
આ લઘુ-પુસ્તિકા મહામાંગલિક-પ્રદાતા પૂજ્યોના
પાવન કરકમળમાં સમર્પિત કરું છું.

**વાસ્તવમાં તો જિનશાસનનો પ્રત્યેક યોગ**
**મહામાંગલિક જ છે.**
**તે પ્રત્યેક યોગ મહોપાધ્યાયજીના શબ્દોમાં -**
**ज्योतिर्मयीव दीपस्य क्रिया सर्वाऽपि चिन्मयी । (ज्ञानसार)**
**આ સ્વરૂપે સ્વ-પરમાં સાકાર થાય**
**એ જ અભ્યર્થના સાથે વિરમું છું.**

પરમ તારક પરમ શ્રદ્ધેય શ્રીજિનાજ્ઞાવિરુદ્ધ લખાયું હોય,
તો મિચ્છામિ દુક્કમ્.

ગુરુ ગૌતમ કૈવલ્ય દિન, વિ.સં.૨૦૭૮
શ્રીદશાપોરવાડ જૈન સંઘ, અમદાવાદ.

✻

# ❀ નવસ્મરણ મહિમા ❀

## (૧) નવકાર મહામંત્ર

પુષ્પમાલામાં મલધારિ પૂ.હેમચન્દ્રસૂરિજી મ.સા. કહે છે -

**मुत्तुं पि बारसंगं स एव मरणम्मि कीरए जम्हा ।**
**अरिहंतणम्मुक्कारो तम्हा सो बारसंगऽत्थो ॥**

***દ્વાદશાંગીના જ્ઞાતા પણ અંત સમયે***
***દ્વાદશાંગીને છોડીને નવકાર મહામંત્રનું જ સ્મરણ કરે છે.***
***છેવટે તો અરિહંતાદિ-પંચપરમેષ્ઠી પ્રત્યે નમસ્કાર***
***એ જ જીવને સમાધિ અને સદ્‌ગતિ આપશે.***
***માટે નવકાર મહામંત્ર એ દ્વાદશાંગનો અર્થ છે.***

પર્યંત આરાધનાસૂત્ર કહે છે -

**जिणसासणस्स सारो चउदसपुव्वाण जो समुद्धारो ।**
**जस्स मणे णवकारो संसारो तस्स किं कुणइ ॥**

***જે જિનશાસનનો સાર છે***
***જે ચૌદપર્વનો સમુદ્ધાર છે***
***એવો નવકાર જેના મનમાં છે, એને સંસાર શું કરવાનો ?***

સંસાર ફક્ત અસાર જ નથી, ખૂંખાર પણ છે. પણ જો આપણી પાસે નવકાર છે, તો સંસારનો આપણને કોઈ જ ભય નથી. આવા પરમ પાવન પરમ પ્રભાવક પરમ મંત્ર પંચમંગલ મહાશ્રુતસ્કંધસ્વરૂપ નવકાર મહામંત્રનું અહોભાવપૂર્વક શ્રવણ કરીએ.

## (૨) ઉવસગ્ગહરં સ્તોત્ર

ગચ્છાચારપયન્ના આગમ સૂત્રના ટીકામાં કહ્યું છે -

**तओ तप्पभावेण वायपीलियवद्दलु व्व विद्दुओ उवद्दओ ।**

સંઘમાં થયેલ ઉપદ્રવને નિવારવા **પૂ.ભદ્રબાહુસ્વામી મહારાજાએ** ઉવસગ્ગહરં સ્તોત્રની રચના કરી. સંઘ સમક્ષ તેનો પાઠ કર્યો. સકળ

સંઘે પણ જેવો તેનો પાઠ કર્યો તેવો બધો જ ઉપદ્રવ પોતે જ ઉપદ્રવમાં મુકાઈ ગયો ને જેમ પવનના જોરથી વાદળું વેરવિખેર થઈ જાય તેમ વેર વિખેર થઈ ગયો.

**कप्पवल्लि व मणवंछियऽत्थजणणी जाया सत्ती ।**

***એક એવી શક્તિનું સર્જન થયું***

***જે કલ્પલતાની જેમ મનોવાંછિતને આપનારી થઈ.***

***સકળ શ્રીસંઘમાં આનંદ મંગળ થઈ ગયું.***

**अओ अज्ज वि तं थवणं सप्पभावं पढिज्जमाणं**

**सव्वसमीहियऽत्थं संपाडेइ ।**

***માટે આજે પણ આ સ્તોત્ર અજબ-ગજબનો***

***પ્રભાવ ધરાવે છે***

***અને એનો પાઠ કરાય તો બધી જ ઈચ્છાઓ પૂરી થાય છે.***

પ્રભુ પાર્શ્વના આ અદ્ભુત સ્તોત્રને ભક્તિ ભાવે સાંભળીએ.

## (૩) સંતિકરં સ્તોત્ર

**પૂ. મુનિસુંદરસૂરિ મહારાજા**ની આ મંત્રગર્ભિત રચના છે. જેમાં સૂરિમંત્રની પાંચ પીઠિકાના અધિષ્ઠાયકો, ૧૬ વિદ્યાદેવીઓ, ૨૪ ભગવાનના યક્ષો, ૨૪ ભગવાનના યક્ષિણીઓ - આ સૌનું સ્મરણ કરીને તેમને અભ્યર્થના કરાઈ છે કે -

**कुणंतु रक्खं सया अम्हं ।**

***આપ હંમેશા અમારી રક્ષા કરો.***

આ સ્તોત્રનું એક નામ છે - **શ્રીશાંતિનાથસમ્યગ્દૃષ્ટિરક્ષા** સ્તોત્ર. **પૂ. મુનિસુંદરસૂરિ મહારાજા કહે છે કે જે આનું રોજ ત્રણ વાર સ્મરણ કરે એની બધી જ તકલીફો દૂર થાય છે અને તે પરમ સુખ અને શ્રેષ્ઠ સંપત્તિને પામે છે.**

એવા આ સ્તોત્રને અંજલિબદ્ધ થઈ સાંભળીએ...

## (૪) તિજયપહુત્તસ્તોત્ર

આ સ્તોત્રમાં ૧૭૦ જિનની સ્તુતિ હોવાથી એનું નામ છે **સત્તરિસયં સ્તોત્ર.** શ્રીસંઘમાં વ્યંતરદેવે ઉપસર્ગ કર્યો અને તેના નિવારણ માટે **પૂ. માનદેવસૂરિ મહારાજા**એ આ સ્તોત્રની રચના કરી એવું પરંપરાથી જાણવા મળે છે.

અનંતકાળમાં - ત્રણે કાળમાં એક સાથે વધુમાં વધુ ૧૭૦ તીર્થંકરો હોઈ શકે, એક મહાવિદેહમાં ૩૨ વિજય હોય. પાંચ મહાવિદેહની મળીને ૧૬૦ વિજય થાય. ૧૬૦ વિજયમાં ૧૬૦ તીર્થંકરો, એ ઉપરાંત પાંચ ભરતક્ષેત્ર અને પાંચ ઐરવતક્ષેત્ર. એ બંનેના દશ તીર્થંકરો - આ રીતે કુલ ૧૭૦ તીર્થંકરો થાય. જ્યારે અજિતનાથ પ્રભુ વિચરતા હતા ત્યારે એક સાથે ૧૭૦ જિનેશ્વરો હાજર હતા.

**૧૭૦ જિનેશ્વરોના યન્ત્રનો આમ્નાય આ સ્તોત્રમાં વણેલો છે. તે યન્ત્રનું અર્ચન વગેરે કરવાથી સર્વ કષ્ટો અને પાપોનો નાશ થાય છે. આવા મહિમાસંપન્નસ્તોત્રને અહોભાવ સાથે સાંભળીએ.**

## (૫) નમિઊણ સ્તોત્ર

પ્રભુ વીરની દશમી પાટે બૃહદ્‌ગચ્છીય **શ્રીમાનતુંગસૂરિ મહારાજા** થયા. તેમણે આ સ્તોત્રની રચના કરી છે. તેમણે આ સ્તોત્રની આઠમી ગાથા રચતા નાગરાજને વશ કર્યો હતો.

**આ સ્તોત્રમાં પ્રભુ પાર્શ્વનાથની સ્તુતિ છે. દુનિયાની કોઈ પણ તકલીફની તાકાત નથી કે પ્રભુ પાર્શ્વના ભક્તનો વાળ પણ વાંકો કરી શકે, એવો સ્પષ્ટ સંદેશ આ સ્તોત્ર આપે છે. બસ, તમે ભક્તિ વધારો, ભક્તિ જ તમારી શક્તિ બની જશે.**

એકાગ્રતાપૂર્વક આ સ્તોત્રનું શ્રવણ કરીએ.

## (૬) અજિતશાંતિ સ્તોત્ર

શત્રુંજય મહાકલ્પમાં કહ્યું છે -

नेमिवयणेण जत्तागएण जहिं णंदिसेणगणिवइणा ।
वहिओ अजिअसंतिथओ जयउ तयं पुंडरीयथयं ।।

***પ્રભુ નેમિનાથના વચનથી***
***શ્રીનંદિષેણસૂરિજી જ્યાં યાત્રાએ પધાર્યા***
***અને જ્યાં આવી તેમણે અજિતશાંતિ સ્તોત્રની રચના કરી.***
***તે સિદ્ધાચલ તીર્થ જય પામો.***

તેઓશ્રી પ્રભુ મહાવીરસ્વામીના શિષ્ય હતા એવું પણ મનાય છે. સિદ્ધગિરિની યાત્રા કરતા કરતા તેઓશ્રી એક સ્થાને આવીને ઊભા રહ્યા. આ બાજુ અજિતનાથનું જિનાલય છે. આ બાજુ શાંતિનાથનું. આમ ઊભા રહે તો આ પ્રભુને પીઠ થાય, આમ ઊભા રહે તો આ પ્રભુને પીઠ થાય. મૂંઝવણ થઈ. ત્યાં જ વચ્ચે ઊભા રહીને બંને પ્રભુની સંયુક્ત સ્તુતિ શરૂ કરી... અદ્ભુત છંદ... અનુપમ અલંકારો... અનેરી શૈલી... ને જ્યાં એ સ્તોત્ર પૂરું થયું. ત્યાં બંને જિનાલય બાજુ બાજુમાં આવી ગયા. એ સ્તોત્ર એટલે - અજિતશાંતિ. આજે પણ સિદ્ધાચલ પર એ બંને પ્રભુના જિનાલયો છે. ને એ મહામુનિના ભક્તિભાવોની યશોગાથા ગાઈ રહ્યા છે.

**આ સ્તોત્રના અંતે કહ્યું છે - ''જે રોજ સવાર-સાંજ આને બોલે કે સાંભળે, તેને રોગો થતા નથી અને પહેલાથી થયા હોય તે મટી જાય છે.'' પક્ખી-ચોમાસી-સંવત્સરી પ્રતિક્રમણમાં આ સ્તોત્ર સ્તવન તરીકે અવશ્ય બોલાય છે.** પરમ પ્રણિધાન સાથે આ સ્તોત્રને સાંભળીએ.

## (૭) ભક્તામર સ્તોત્ર

લઘુશાંતિના કર્તા **પૂ. માનદેવસૂરિ મહારાજા**ની પાટે આવેલા પૂ. **માનતુંગસૂરિ મહારાજા**એ શ્રીઆદિનાથ ભગવાનની સ્તુતિસ્વરૂપ આ સ્તોત્રની રચના કરી છે. તેઓ બૃહદ્ગચ્છમાં પ્રભુ વીરની વીશમી પાટે થયા હતા. ઉજ્જયિની નગરીમાં અન્યધર્મી પંડિતોએ બતાવેલ ચમત્કારોથી લોકોમાં એવી શાસનહીલના થવા લાગી કે જૈનોમાં આવી કોઈ વિશિષ્ટ

શક્તિ નથી. વૃદ્ધભોજ રાજાએ શ્રાવકોને પૂછ્યું કે ''તમારામાં આવી કોઈ શક્તિવાળા છે ?'' શ્રાવકોએ પૂ.માનતુંગસૂરિજીનું નામ આપતા રાજાએ તેમને આમંત્રણ આપ્યું. પૂજ્યશ્રી પધાર્યા. વાદમાં બધા પંડિતોને નિરુત્તર કર્યા. રાજાએ ચમત્કારિક શક્તિ દેખાડવા વિનંતિ કરી. પૂજ્યશ્રીના કહેવાથી તેમને ૪૪ બેડીઓ તાળા સાથે પહેરાવવામાં આવી. એક ઓરડામાં પૂરીને ઓરડાના દરવાજાને સાત તાળ લગાડ્યા. આજુબાજુ બ્રાહ્મણો અને પહેરગીઓ રાખ્યા.

**પૂજ્યશ્રી ભક્તામરસ્તોત્રના એક એક શ્લોક રચતા ગયા અને એક એક બેડી - એક એક તાળું તૂટતું ગયું. ૪૪ શ્લોક રચાયા ત્યારે પૂજ્યશ્રી સંપૂર્ણ બંધનમુક્ત બની ગયા. ઓરડાના સાતે તાળા આપમેળે ખુલી ગયા. પૂજ્યશ્રી રાજા સમક્ષ ઉપસ્થિત થયા. રાજા મંત્રમુગ્ધ થઈ ગયો. જિનશાસનની જબરદસ્ત પ્રભાવના થઈ.**

સકળ શ્રીસંઘમાં આ સ્તોત્ર પરમ આદરપાત્ર બન્યું. એના મંત્રગર્ભિત પદોએ ચમત્કારોની હારમાળા સર્જી. પૂ.માનતુંગસૂરિ મહારાજા કહે છે -

**अवशा समुपैति लक्ष्मी ।**

***જે આ સ્તોત્રનો પાઠ કરે છે***

***લક્ષ્મી વિવશ થઈને એને વરે છે.***

આજે પણ આ સ્તોત્ર અજબ-ગજબનો પ્રભાવ ધરાવે છે. હૃદયના બહુમાનભાવ સાથે આ સ્તોત્ર સાંભળીએ.

## (૮) કલ્યાણમંદિર સ્તોત્ર

**પૂ. સિદ્ધસેનદિવાકરસૂરિ મહારાજા**એ આ પ્રભાવશાળી સ્તોત્રની રચના કરી છે. પૂજ્યશ્રી ઉજ્જયિની નગરીમાં મહાકાળના મંદિરમાં શિવલિંગ તરફ પગ કરી સૂતા. લોકોએ તેમને વાર્યા. છેવટે રાજાને ફરિયાદ કરી. રાજાએ પરાણે પણ કાઢી મુકવા જણાવ્યું. રાજસેવકોએ ચાબુકના પ્રહારો કરવાના ચાલુ કર્યા, તે રાજાની રાણીઓને વાગવા લાગ્યા. વિક્રમ રાજા દોડતા આવ્યા.

**આવીને રાજાએ કહ્યું, ''આ મહાદેવ છે. સ્તુતિપાત્ર છે. તમે એમની સ્તુતિ કરવાને બદલે આવું કેમ કરો છો ?'' પૂજ્યશ્રીએ કહ્યું, ''હું સ્તુતિ તો કરું, પણ તેઓ મારી સ્તુતિને સહન નહીં કરી શકે.'' રાજાએ કહ્યું, ''ભલે ન કરી શકે, તમે સ્તુતિ કરો.'' પૂજ્યશ્રીએ કલ્યાણમંદિર સ્તોત્રની રચના શરૂ કરી, અગિયારમો શ્લોક આવ્યો ત્યાં ધરતીકંપ થયો. શિવલિંગમાંથી ધુમાડો નીકળ્યો. શિવલિંગ ફાટ્યું ને એમાંથી અવંતિ પાર્શ્વનાથ પ્રગટ થયા.**

પૂજ્યશ્રીએ ૪૪ શ્લોકનું આ સ્તોત્ર પૂર્ણ કર્યું. વિસ્મિત થયેલ રાજાએ પૂછ્યું કે ''આ બધું શું છે ?'' પૂજ્યશ્રીએ કહ્યું, ''આ નગરીમાં ભદ્રા નામના શેઠાણી હતા. એમના પુત્ર અવંતિસુકુમાલે દીક્ષા લઈ તરત જ ઘોર ઉપસર્ગ સમતાથી સહ્યો અને નલિનીગુલ્મ વિમાનમાં દેવ થયા. તેમનું મૃત્યુ એટલે કે કાલ, એ મહારૌદ્ર રીતે - શિયાળના ખાવા દ્વારા થયું તેથી તેમની સ્મૃતિમાં તેમના પુત્રે બનાવેલ પાર્શ્વપ્રભુનું જિનાલય મહાકાલ કહેવાયું.

સમય વીત્યો ને અન્યધર્મીઓએ આ સ્થાનનો કબજો કરી પ્રભુ પાર્શ્વની પ્રતિમાને શિવલિંગ દ્વારા ઢાંકી દીધી, તે મારી સ્તુતિથી પ્રગટ થઈ છે.''

વિક્રમ રાજા ધર્મ પામ્યા. જિનાલયના નિભાવ માટે ગામ આપ્યા. સમ્યક્ત્વનો અંગીકાર કર્યો. પૂજ્યશ્રીએ વિક્રમ રાજાના અનુયાયી બીજા અઢાર રાજાઓને પણ પ્રતિબોધ્યા. આજે પણ આ સ્તોત્ર અદ્ભુત પ્રભાવ ધરાવે છે. એને અહોભાવપૂર્વક સાંભળીએ.

### (૯) બૃહચ્છાન્તિ સ્તોત્ર

પ્રભુ નેમિનાથના માતા - શિવાદેવીએ દેવીપણામાં આ સ્તોત્ર રચ્યું છે. એવું આ સ્તોત્રના શબ્દો દ્વારા જ જણાય છે. **આ સ્તોત્રમાં ચોવીશ તીર્થંકરો, સોળ વિદ્યાદેવીઓ, નવ ગ્રહ, લોકપાલો વગેરેનું સ્મરણ કરીને તેઓ શાંતિદાયક થાય એવી અભ્યર્થના કરવામાં આવી છે અને સમગ્ર**

**સંઘ તથા સમસ્ત વિશ્વની શાંતિની પ્રાર્થના કરવામાં આવી છે.**

પક્ખી-ચોમાસી-સંવત્સરી પ્રતિક્રમણમાં, સ્નાત્રપૂજામાં, જિનાલયની વર્ષગાંઠ વગેરેમાં આ સ્તોત્ર અવશ્ય બોલવામાં આવે છે. પરમ શાંતિદાયક આ સ્તોત્રને પરમ અહોભાવ સાથે સાંભળીએ.

✺

## શ્રી ગૌતમસ્વામીનો રાસ

પૂ.ઉદયવંત મુનિની આ લાલિત્યપૂર્ણ કૃતિ છે. જિનશાસનના અનેકાનેક મહાપુરુષોના જીવનને વણી લેતા ગુજરાતી પદ્યમય ગ્રંથો આજે ઉપલબ્ધ થાય છે. જેને રાસ સાહિત્ય કહે છે. અદ્‌ભુત ભાવો, આલંકારો અને વૈરાગ્યાદિ રાસો આ રાસ સાહિત્યમાં ભરેલા છે. જેમાં એક રાસ આ છે. જે પ્રભુ વીરના પ્રથમ ગણધર સર્વલબ્ધિનિધાન ગુરુ ગૌતમસ્વામીના જીવનને આવરી લે છે.

**નૂતનવર્ષની પ્રભાત ગુરુ ગૌતમસ્વામીના કેવળજ્ઞાનનો સ્પર્શ પામીને પરમ મંગળસ્વરૂપ બની છે. હૈયાના ભક્તિભાવો સાથે આ રાસનું શ્રવણ કરીએ.**

✺

**લિસ્ટ નંબર : ૭, કાર્તિકી પૂર્ણિમા, વિ.૨૦૭૮, ૧૯-૧૧-૨૧ સુધીના પુસ્તકો**

**BOOKS FOR THE JAINS**

૧. **વેદનાધારા** - જિનશાસન ફીલિંગ્સ (હસ્તલિખિત)
૨. **સંવેદનાધારા** - જિનશાસન સંસ્પર્શ (હસ્તલિખિત)
૩. **મુમુક્ષુધારા** - ધર્મબિન્દુ - અણગારધર્મ - વાચના (હસ્તલિખિત)
૪. **સુગુરુધારા** - ધર્મબિન્દુ - અણગારધર્મ - વાચના (હસ્તલિખિત)
૫. **પાત્રતાધારા** - ધર્મબિન્દુ - અણગારધર્મ - વાચના (હસ્તલિખિત)
૬. **દીક્ષાધારા** - ધર્મબિન્દુ - અણગારધર્મ - વાચના (હસ્તલિખિત)
૭. **અણગારધારા** - ધર્મબિન્દુ - અણગારધર્મ - વાચના (હસ્તલિખિત)
૮. **વૈરાગ્યદેશનાદક્ષ** - ગુરુદેવશ્રીના વચનામૃતો - સચિત્ર સંકલન
૯. **ઉપકારવર્ષા** - ગુરુદેવશ્રીના પત્રો (હસ્તાક્ષરમાં)
૧૦. **મહામાંગલિક-પરિચય** - નવસ્મરણ - ગૌતમસ્વામી રાસ - ભૂમિકા પ્રવચનો
૧૧. **પંચસિદ્ધિ** - પૂજ્ય બા-મહારાજ - એક આધ્યાત્મિક આલંબન
૧૨. **અર્પણધારા** - Steam જિનશાસન - આદિ પ્રવચનધારા (હસ્તલિખિત)
૧૩. **સમર્પણધારા** - શાસન સંવેદના (હસ્તલિખિત)
૧૪. **સાફલ્યધારા** - ધર્મબિન્દુ - અણગારધર્મ - વાચના (હસ્તલિખિત)
૧૫. **સાધુતાધારા** - ધર્મબિન્દુ - અણગારધર્મ - વાચના (હસ્તલિખિત)
૧૬. **શત્રુંજય સંવેદના** - ઊંચા ઊંચા શેત્રુંજયના શિખરો સોહાય... આધ્યાત્મિકધારા
૧૭. **યોગધારા** - ધર્મબિન્દુ - અણગારધર્મ - વાચના (હસ્તલિખિત)
૧૮. **ઉપયોગધારા** - ધર્મબિન્દુ - અણગારધર્મ - વાચના (હસ્તલિખિત)
૧૯. **આચારધારા** - ધર્મબિન્દુ - અણગારધર્મ - વાચના (હસ્તલિખિત)
૨૦. **આધારધારા** - ધર્મબિન્દુ - અણગારધર્મ - વાચના (હસ્તલિખિત)

**BOOKS FOR GURU BHAGWANTS**

૧. **દ્વીપસાગરપ્રજ્ઞપ્તિ** - સંગ્રહણી - યશસ્વિની - નૂતન વૃત્તિ
૨. **સંવેગ સંવાદ** - સંયમ ઊર્જા માટે સંયમીઓ સાથે

**PEMPFLATE FOR JAINS**

**a. Only For Mothers** - વીકી કે રિસી... પસંદ તમારી
**b. Know પાઠશાળા** - પરિચય અને પ્રોત્સાહન

Book link - bit.ly/priyambooks
આના દ્વારા પુસ્તકોની Soft Copy Free મળશે.
આપ જરૂર મુજબ પ્રિન્ટ કાઢી શકશો.